૧૨ સાયન્સ સેમેસ્ટરની આજથી પરીક્ષા : ૧.૧૪ લાખ વિદ્યાર્થીઓ

રાજ્યમાં ૧૧૦ કેન્દ્ર પરથી વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે : ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગેરરીતિ નહીં થાય તે માટે ત્રિસ્તરે સ્કવોર્ડની રચના કરવામાં આવી

અમદાવાદ,તા. ૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વાર લેવાતી ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા પરિપૂર્ણ થઈ ગયા બાદ હવે સોમવારથી ધોરણ ૧૨ સાયન્સની સેમેસ્ટર પરીક્ષાનો પ્રારંભ થશે. ધોરણ ૧૨ સાયન્સની સેમેસ્ટર પરીક્ષામાં રાજ્યભરમાંથી ૧.૧૪ લાખ વિદ્યાર્થીઓ ભાગ લેશે. જેઓ સોમવારે પ્રથમ દિવસે ગણિતનું પેપર આપશે. વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરીક્ષાને લઈને વિદ્યાર્થીઓ તેયારીમાં વ્યસ્ત બની ચુક્યા છે. બીજીબાજુ આ વખતે શિક્ષણ બોર્ડના અધિકારીઓ દ્વારા પણ કોઈ બાંધછોડ કરવાના મૂડમાં દેખાઈ રહ્યા નથી. ગેરરીતિને રોકવા માટે કડક વ્યવસ્થા કરવામાં આવી ચુકી છે. ગ્રામિણ વિસ્તારોમાં મોટા પ્રમાણમાં ચોરીના બનાવો ધોરણ ૧૦ની પરીક્ષામાં નોંધાયા હતા ત્યારે ધોરણ ૧૨ સાયન્સની પરીક્ષામાં આવા કોઈ બનાવ ન બને તે માટે પગલા લેવામાં આવ્યા છે. શિક્ષણ બોર્ડ દ્વારા પ્રથમ તબક્કાની પરીક્ષાઓને આખરી ઓપ અપાઈ ચુક્યો છે ત્યારે બીજા તબક્કામાં સોમવારથી ધોરણ ૧૨ સાયન્સની સેમેસ્ટર પરીક્ષાનો પ્રારંભ થશે. જેમાં રાજ્યભરમાં ૧૧૦ કેન્દ્ર પરથી ૧૧૪૫૩૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ધોરણ ૧૨ સાયન્સમાં ગેરરીતિ ન થાય તે માટે શિક્ષણ બોર્ડ દ્વારા સ્થાનિક, ફ્લાઈંગ અને વિજિલન્સ એમ ત્રી-સ્તરે સ્કવોર્ડની રચના કરવામાં આવી છે. આ ઉપરાંત ધોરણ ૧૦ની પરીક્ષામાં અમદાવાદ પૂર્વ એ ગ્રામ્ય વિસ્તારોમાં ધૂમ ચોરી થતી હોવાની ફરિયાદના પગલે ધોરણ ૧૨ સાયન્સની પરીક્ષામાં આ વિસ્તારોમાં ખાસ સ્કવોર્ડ તેનાત રાખવાની જાહેરાત કરાઈ છે. ધોરણ ૧૨ સાયન્સમાં કુલ ૧.૧૪ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જેમાંથી ૫૧૮ વિદ્યાર્થીઓ સંસ્કૃત માધ્યમમાં પરીક્ષા આપશે. ધોરણ ૧૨ સાયન્સમાં સોમવારે પ્રથમ દિવસે ગણિત વિષયની પરીક્ષા સવારે ૧૦.૩૦ કલાકથી ૨.૦૦ કલાક દરમિયાન લેવામાં આવશે. તમામ વિષયોની પરીક્ષા બે ભાગમાં વહેંચવામાં આવી છે. જે પરીક્ષા ૨૩ માર્ચે પૂર્ણ થશે.

ધોરણ ૧૦ પરીક્ષા પેપરની ચકાસણી આજથી શરૂ થશે

શરૂઆતમાં ૩૫ સેન્ટરો પર પેપર ચકાસણી પ્રક્રિયા શરૂ થશે : સંબંધિત સ્કૂલોના શિક્ષકોને જરૂરી સૂચના અપાઈ

અમદાવાદ,તા. ૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા હાલમાં જ લેવામાં આવેલી ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષા પૂર્ણ થઈ ગયા બાદ હવે આવતીકાલથી પેપર ચકાસણીની પ્રક્રિયા શરૂ થશે. બોર્ડના અધિકારીઓ પેપર ચકાસણીની પ્રક્રિયા શરૂ થઈ રહી છે તે બાબતને સમર્થન આપી ચુક્યા છે. બોર્ડ પરીક્ષાના પરિણામ સમયસર જાહેર થાય તે હેતુસર પેપર ચકાસણીની પ્રક્રિયા શરૂ થઈ રહી છે. તમામ સંબંધિત સ્કૂલોના શિક્ષકોને પેપર ચકાસણી માટે ઉપસ્થિત રહેવા સૂચના આપી દેવામાં આવી છે. આપવામાં આવેલા આદેશોનો ભંગ કરનાર શિક્ષકો સામે પગલા લેવામાં આવશે. સૂત્રોએ કહ્યુ છે કે ૩૫ નોડલ સેન્ટરો ઉભા કરવામાં આવ્યા છે. જ્યાં ઉત્તરવાહીનીની ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

શરૂઆતમાં આ સેન્ટર પર પેપર ચકાસણી બાદ આ સેન્ટરોની સંખ્યા વધારીને ૧૦૦ કરવામાં આવશે. હાલમાં જ પૂરી થયેલી ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષામાં ૯.૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ આંકડા મુજબ ગણતરી કરવામાં આવે તો ઉત્તરવાહીની સંખ્યા ૫૫ લાખ જેટલી થઈ જાય છે. ૧૫૦૦૦થી વધુ શિક્ષકોને પેપર ચકાસણી માટે બોલાવવામાં આવનાર છે. સ્કૂલોને જરૂરી આદેશો પહેલાથી જ જારી કરવામાં આવી ચુક્યા છે. બોર્ડના અધિકારીઓનું કહેવું છે કે ચકાસણી નિષ્પક્ષ વાતાવરણમાં થાય તે માટે પણ તમામ જરૂરી પગલા લેવામાં આવ્યા છે. દરમિયાન ધોરણ ૧૨ની ઉત્તરવાહીઓની ચકાસવાની પ્રક્રિયા પણ શરૂ થઈ હોવાનું જાણવા મળ્યુ છે. પ્રથમ તબક્કામાં એકાઉન્ટ અને મનોવિજ્ઞાન વિષયની ઉત્તરવાહીની ચકાસણી થઈ રહી છે. પ્રથમ તબક્કામાં ૧૮૦૦ શિક્ષકોને પ્રાથમિક જવાબદારી સોંપવામાં આવી છે.

સુપ્રીમનો આદેશ છતાં સ્વનિર્ભર કોલેજો સ્કોલરશીપ આપતી નથી

અમદાવાદ, તા. ૧૭

ગુજરાતમાં આવેલ મેડીકલ, ઈજનેરી, ફાર્મસી, પેરામેડીકલ તથા અન્ય વ્યવસાયિક અભ્યાસક્રમોમાં ૧૫ ટકા એનઆરઆઈ અને ૧૦ ટકા મેનેજમેન્ટ કવોટા પ્રવેશ માટે રાજ્યની ભાજપ સરકારે ફી નિર્ધારણ અધિનિયમ જાહેર કરેલ છે અને તેના આધારે ખાનગી કોલેજના સંચાલકો દર વર્ષે રૂા. ૧૫૦ થી રૂા. ૨૦૦ કરોડ જેટલી માતબર રકમ એકત્ર કરે છે. આ રકમમાંથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવાની જોગવાઈ અંગે સુપ્રિમ કોર્ટના આદેશ છતાં ગુજરાતની ભાજપ સરકાર ખાનગી કોલેજોના સંચાલકોના હિતમાં કોઈ વ્યવસ્થાતંત્ર ઉભું કર્યું નથી. જેનો ભોગ સામાન્ય-મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ બની રહ્યા છે તેમ પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ જણાવ્યું હતું.

ગુજરાતની ભાજપ સરકારે વિધાનસભા દ્વારા કાયદો બનાવીને ખાનગી કોલેજોના સંચાલકોને ૧૫ ટકા એનઆરઆઈ અને ૧૦ ટકા મેનેજમેન્ટ કવોટા એટલે કે ૨૫ ટકા જેટલી બેઠકો સોંપી દીધી છે. જે બેઠકો પર ખાનગી કોલેજોના સંચાલકો દર વર્ષે રૂા. ૧૫૦ થી રૂા. ૨૦૦ કરોડ જેટલી માતબર રકમ એકત્ર કરે છે. સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર સ્વનિર્ભર સંસ્થાઓને એનઆરઆઈ કવોટા લેવામાં આવતી ફીની આવકમાંથી સંસ્થામાં અભ્યાસ કરતાં જરૂરિયાતમંદ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને સ્કોલરશીપ આપવાનો સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે તેમ છતાં ખાનગી કોલેજોના સંચાલકોના ફાયદા માટે ભાજપ સરકાર વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય કરતી નથી. ગુજરાતની ભાજપ સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં શિક્ષણના વેપારીકરણને વ્યાપક પ્રમાણમાં પ્રોત્સાહન આપ્યું છે.

ભાજપ સરકાર સમક્ષ છેલ્લા પાંચ વર્ષમાં વારંવાર સ્કોલરશીપ અને ફીના ધોરણો બાબતે વિસ્તૃત રજૂઆત છતાં રાજ્ય સરકાર દ્વારા નક્કર પગલાં ભરવામાં આવ્યા નથી. તેવા આક્ષેપ કરતાં પ્રદેશ કોંગ્રસ પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે મેડીકલ, ઈજનેરી, ફાર્મસી, પેરામેડીકલ તથા અન્ય વ્યવસાયિક અભ્યાસક્રમોમાં છેલ્લા દશ વર્ષમાં ફી ના ધોરણોમાં ૨૦૦ થી ૪૦૦ ટકાનો વધારો જોવા મળે છે. મેરીટ હોવા છતાં અન્ય વિદ્યાશાખામાં પ્રવેશ લેવો પડે છે. અને અમુક કિસ્સાઓમાં તો વિદ્યાર્થીઓ આપઘાત કરે છે. રાજયમાં શિક્ષણની આવી પરિસ્થિતિના નિર્માણ માટે રાજ્યની ભાજપ સરકાર અને ખાનગી કોલેજોના સંચાલકોની સાંઠગાંઠ જોવા મળે છે.

માઉન્ટ કાર્મેલ શાળાની આર્ટ એક્ષેલ શિબિરમાં ૧૩૫ બાળકો જોડાયા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧માં આવેલી માઉન્ટ કાર્મેલ શાળાના ૮ થી ૧૨ વર્ષના વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં આર્ટ એક્ષેલ શિબિરનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ૧૩૫ વિદ્યાર્થીઓ ઉલ્લાસપૂર્વક ભાગ લઈ પ્રાણાયામ, યોગાસન અને સરળ ધ્યાન કર્યું હતું.

પરમપૂજ્ય શ્રી શ્રી રવિશંકરજી પ્રેરિત વ્યક્તિવિકાસ કેન્દ્ર દ્વારા બાળકોની પ્રતિભાને ખીલવવાનો અવકાશ આપતી આર્ટ એક્ષેલ શિબિરનું આયોજન માઉન્ટ કાર્મેલ શાળાના હોલમાં કરવામાં આવ્યું હતું. જેમાં ૮ વર્ષથી ૧૨ વર્ષ સુધીના ૧૩૫ જેટલા બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન કર્યા હતાં. સિબિરનો મુખ્ય હેતુ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં રહેલા ગુસ્સા, ડર, ઈર્ષ્યા, સરમ, નિરાશા, અણગમો, જીદ્દીપણું, જેવી નકારાત્મક લાગણીઓમાંથી મુક્ત થઈ તનાવરહિત બની દરેક ક્ષેત્રે આત્મવિશ્વાસ સાથે આગળ વધી જીવન જીવવાની સાચી કળા શીખે અને સફળતા પ્રાપ્ત કરે તે હતો.

બાળકોના સર્વાંગી વિકાસમાં રસ લેતા શાળાના પ્રિન્સિપાલ સિસ્ટર રેણુકાની સંમતિથી સુરેશભાઈ પરમાર તથા કુસુમબેન જોષીના પ્રશિક્ષણ તેમજ મીનાબેન, ભરતભાઈ, શોભનાબેન, સંગીતાબેન, રંજીતાબેન તથા ભગવતીબેનના સહકારથી બાળકોને ખીલવાનો તથા ખુલવાનો સુંદર અવકાશ આ શિબિરમાં મળ્યો. છેલ્લે દિવસે વાલીઓના પ્રતિભાવોમાં પણ શિબિરની સફળતાનો સૂર સંભળાયો હતો. બાળકોની ખુશીમાં વાલીઓની ખુશીનું પ્રતિબિંબ જોવા મળ્યું હતું. ખાસ તો પરીક્ષા નજીક આવી રહી હોવાથી બાળકોને તનાવરહિત કરવાનો મુખ્ય ઉદ્દેશ આ શિબિર દ્વારા સાર્થક કરવાનો સ્તુત્ય પ્રયાસ હતો.

દહેગામમાં આવેલા આઈસ ફેકટરી જનતાનાં આરોગ્ય માટે ખતરારૂપ

દહેગામ, તા. ૧૭

કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકારો દ્વારા રોજબરોજ જનતાના આરોગ્યની ચિંતા કરી અવનવા પ્રોગ્રામો આપી રોગચાળો ફાટી ન નીકળે તે માટે સ્થાનિક બી.એચ.ઓ. તેમજ નગરપાલિકા, મામલતદાર, જિલ્લા આરોગ્યની ટીમ વોંચ રાખી બિનઆરોગ્યપ્રદ ચીજવસ્તુનો નાશ કરે છે. ત્યારે દહેગામ ખાતે આવેલ આઈસ ફેકટરી દ્વારા પ્રજાના આરોગ્યની ઐસીતૈસી કરીને બેરોક ટોક ગંદુ અને અશુદ્ધ પાણી માંથી બરફ બનાવી બજારમાં સપ્લાય કરવામાં આવે છે. ઉનાળાની શરૂઆત થતાં જ બજારમાં જ્યુસવાળા, શેરડીના કોલાવાળા, જ્યુસ તેમજ શરબત વાળા આ અશુદ્ધ બરફનો ભરપુર ઉપયોગ કરતાં હોય છે. અત્યારના સંજોગોમાં મેલેરીયા, ન્યુમોનિયા, સ્વાઈન ફ્લુ, વાયરલ જેવા વિવિધ રોગોએ માથું ઊચક્યું છે. તેમાં પાણી જન્ય રોગોનો પણ સમાવેશ થાય છે. તો ઉપરોકત ફેકટરીના માલીકો સાથે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ તરફથી લાયસન્સ મળેલ છે કે કેમ તેવો પ્રશ્ન પ્રજાનાં ઉઠી રહ્યો છે. જ્યારે અગાઉ ફેકટરી માલીકો સામે તંત્ર દ્વારા પગલાં લઈ પ્રજાના આરોગ્ય સામે ચેડા થતાં અટકે તેમાં જ સરકારોનો નાણાંનો યથાર્થ ઉપયોગ થાય તેમ છે.

એસઆરપી જવાનના ઘરેથી ચોરી કરનારી ગેંગના બે ઝબ્બે

શહેરના સરદારનગર ખાતે બે માસ અગાઉ એક એસઆરપી જવાના બંધ મકનનું તાળું તોડી ઘરમાં પ્રવેશી લોખંડની પાઈપો તાંબના વાસણો સહિતના મુદ્દામાલની ચોરી કરનારી ગેંગના બે સભ્યોને સરદારનગર પોલીસ ઝડપી લઈ મુદ્દામાલ કબજે કર્યો છે. નાસી છૂટેલા અન્ય ત્રણ સભ્યોને પકડવા પલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

સરદાર નગર નોબલ નગર પાસે એક એસઆરપી જવાનનું મકાન આવેલું હતું જો કે એસઆરપી જવાનનું મકાન છેલ્લા ઘણા સમયથી બંધ હતું દરમિયાનમાં ગત જાન્યુઆરી માસમાં કેટલાક અજાણ્યા ઈસમોએ જવાનના મકાનનું તાળુ તોડી ઘરમાં પ્રવેશી તાબા ના વાસણો, લોખંડની પાઈપો સહિતના સમાનની ચોરી કરી નાસી છૂટ્યા હતા. આ અંગે સરદારનગર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. દરમિયાનમાં ગઈ કાલે સરદારનગર ડી સ્ટાફના પીએસઆઈ પટેલ, હેડ કોન્સ્ટે. કાનજી કોન્સ્ટે. રોહીત તથા સ્ટાફના માણસો મોડી રાત્રે પેટ્રોલિંગમાં હતા ત્યારે પીએસઆઈ પટેલને બાતમી મળી હતી કે બે માસ અગાઉ એસઆરપી જવાના ઘરમાં ચોરી કરનાર ગેંગના બે સભ્યો કુબેરનગર ખાતે આવેલી ઉમા સ્કુલ પાછળ ચોરીનો મુદ્દામાલ વેચવાના ઈરાદેથી આવવાના છે. બાતમીના આધારે પીએસઆઈ પટેલ તથા સ્ટાફના માણસો ઉપરોક્ત જગ્યા પર પહોંચ્યા હતા. ત્યાં લોખંડની પાઈપો સાથે બે યુવાનો હાજર હતા. પોલીસે બન્નેની અટકાયત કરી પોઈપો વીશે પૂછપરછ કરતા બન્ને યુવાનો ગલ્લા તલ્લા કરવા લાગ્યા આ દરમિયાન પોલીસે બન્ને યુવાનોની કડકાઈથી પૂછપરછ કરતા તેઓ ભાંગી પડયા હતા. અને બે માસ પહેલા નોબલનગર ખાતે એસઆરપી જવાનના મકાનમાંથી ચોરેલી પાઈપો હોવાનું કબુલ્યું હતું પોલીસ પૂછપરછમાં તેઓનું નામ ભગત અમુજી ઠાકોર (ઉ.વ.૨૦) (રહે. ઈન્દ્રાનગરના છાપરા, નોબલનગર, સરદારનગર) તથા વિજય અમૃતભાઈ પટેલ (ઉ.૨૨ રહે. સુભાષનગરના છાપરા નોબલ નગર, સરદારનગર) હોવાનું જાણવા મળ્યું હતું વધુમાં તેઓ એ જણાવ્યું હતું કે આ ચોરીમાં તેમના અન્ય ત્રણ મિત્રો પટણી ઠાકોર-રાજપૂત જોડે હતા સરદારનગર પોલીસે આ બન્નેની ધરપકડ કરી છે.

સુપેડી ગામે જરૂરીયાતમંદોને દરરોજ પ્રેમથી ભોજન જમાડતા સેવાભાવી મગનભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૧૭

ધોરાજી તાલુકાના સુપેડી ગામના વતની અને શામ સેવા સંસ્થાનના ચેરમેન તેમજ અગ્રણી ઉદ્યોગપતિ એવા મગનભાઈ હંસરાજભાઈ પટેલ છેલ્લા ઘણા વર્ષોથી જરૂરીયાતમંદ લોકોની સેવામાં કાર્યરત છે. અને સુપેડી ગામમાં જ તેમણે પચ્ચીસેક અશક્ત લોકોને ઘેર બેઠા ટીફીન પહોંચાડવા માટેની વ્યવસ્થા કરી આપી છે. ગામના જ ૩૦ જેટલા વ્યક્તિઓ ટીફીન કેન્દ્ર ઉપરથી ટીફીનની સેવા લઈ રહ્યા છે. જેમાં બપોરે દાળ-ભાત, શાક, રોટલી, સંભાર અને છાશ (બન્ને ટાઈમ) જ્યારે સાંજે રોટલા ખીચડી કઢી, શાક નિયમિતપણે પિરસવામાં આવે છે અને માનવ સેવા એ જ પ્રભુ સેવાનું સૂત્ર સાર્થક કરી રહ્યા છે.

રાજકોટ જિલ્લામાં આવેલ ધોરાજી તાલુકાનો સુપેડી ગામ જેમનું જન્મસ્થળ છે એવા શામ સેવા ફાઉન્ડેશનના ચેરમેન અને ઉદ્યોગપતિ શ્રી મગનભાઈ હંસરાજભાઈ પટેલ છેલ્લા ઘણા વર્ષોથી જરૂરીયાતમંદ લોકોની સેવા કરવા માટે કાર્યરત છે. તેઓ ઘણી બધી સામાજીક, શૈક્ષણિક, આરોગ્ય, રોજગારલક્ષી, ઔદ્યોગિક અને સેવાભાવી જેવી અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. આ સેવા કાર્ય માટે એમના થકી ઘણા બધા પ્રોજેક્ટ થતા જ હોય છે. એમાનો એક વિચારધારા પ્રમાણે વૃદ્ધાશ્રમો જે આપણે બનાવીએ છીએ તેમાં ખાસ કરીને પોતાના પરિવારથી તડછોડાયેલા અને અશક્ત લોકો અને વૃદ્ધો જેમની વય ૭૫ વર્ષથી ઉપરની હોય છે તેમના માટે હોય છે. રાજકોટ જિલ્લાનાં તાલુકા ધોરાજી નજીક સુપેડી ગામથી પ્રારંભ કરીને આખા રાજ્યમાં આ વિચારધારા વ્યાપ કરવાનો એમનો ઉદ્દેશ્ય છે. આ પ્રોજેક્ટ માટે અમદાવાદ બેઠા બેઠા શ્રી મગનભાઈએ ઉતાવળી નદીના કાંઠે આવેલ સુપેડી જે આદર્શ ગામ છે જેની વસતી આશરે ૮૦૦૦ની છે જેમાં એમને દસ જણાની એક ટીમ બનાવી તેનો સર્વે કરાવી કે આપણા ગામમાં અશક્ત, માનસિક કે સારીરિક રીતે પીડાતા બીમાર વૃદ્ધો જે કોઈ પણ જાતની આવક વગરના હોય તથા હાથે રાંધી શકતા ન હોય અને ભુખ્યા સુઈ જતા હોય છે એવા લોકોનો સર્વે કરતા લગભગ આશરે ૫૦ જેટલા વ્યક્તિઓની વિગતો ભેગી કરી શ્રી મગનભાઈને ફોન ઉપર ટીમે રજુઆત કરી. એ માટે શ્રી મગનભાઈએ તાત્કાલિક એક રસોડું શરૂ કરી ૧૦૦ ટીફીનની વ્યવસ્થા કરી જેમાં રસોડાના માલ સામાનની વ્યવસ્થા, વાસણો, ગેસ-સગડી વગેરે જોઈતા તમામ સાધનો, અનાજ ભરવાનો કોઠાર તથા રસોઈઘર તેવું રસોડું સહિત બાકીની બધી વ્યવસ્થા કરી આ રસોડાનું ત્રણ મહિના પહેલા આ સેવાયજ્ઞનું કામ શરૂ કર્યું. તેમાં રાંધવા માટે બે બહેનોને રૂપિયા ચાર હજાર માસિક પગારથી રસોડાની કામગીરી સોંપવામાં આવી. પચ્ચીસેક અશક્ત લોકોને ઘેર ટીફીન પહોંચાડવા માટેની વ્યવસ્થા કરી બાકીના ૩૦ માણસો જે ચાલી શકતા હોવાથી ટીફીન કેન્દ્ર ઉપરથી જાતે લઈ જતા હતા. આમાંથી મોટા ભાગના વ્યક્તિઓ દલીત અને બક્ષી પંચના છે જેમની સંખ્યા ૩૨ જેટલી છે. અને બાકી ૧૮ પટેલ, બ્રાહ્મણ અને અન્ય જ્ઞાતિનાં છે. એમને બપોરે દાળ-ભાત, શાક, રોટલી, સંભારો અને બે ગ્લાસ છાશ (બન્ને ટાઈમ) અને સાંજે રોટલા-ખીચડી-કઢી શાક એમના જરૂરીયાત પ્રમાણે બનાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ એક પ્રકારનું સાત્વીક ભોજન પહોંચાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન કરવા માટેનો પાછળનો હેતુ એ છે કે એમનામાં કેટલાક લોકો એક રોટલો ઘડીને બબ્બે દિવસ સુધી અને બીસ્કીટનું એક પેકેટ આખો દિવસ ખાઈ પાણી પીને તેમજ મકાઈના પપોડા, ચણા, મમરા વગેરે ખાીને પોતાનો જીવન વ્યતીત કરતાં હતાં. આ ટીફીન ત્રણ મહિના સુધી ઘેર બેઠા મળવાથી જે લોકો અશક્ત હતા, ઉભા થઈ શકતા નહોતા તેમને નિયમિત ખોરાક મળવાથી એવા ૧૦ લોકો શારીરિક રીતે થોડાક સશક્ત થવાથી જાતે ટીફીન લેવા કેન્દ્ર ઉપર આવવા માંડ્યા. ત્રણ લોકો પાટીદાર સમાજના હતા. તેમના દીકરાઓને શરમ આવે માટે તેઓ તેમના ઘેર જતા ન હોતા અને એક જ ગામમાં બાપ-દીકરો રહેતા હતા. જ્યારે એમના દીકરાઓને ખબર પડી કે એમના વૃદ્ધ મા-બાપ ધર્માદાનું ખાય છે તે લોકો સમાજની સરમનાં કારણે પોતાનાં વૃદ્ધ મા-બાપને પોતાનાં ઘેરથી જમવાનું મોકલવાનું શરૂ કર્યું અને સમાજમાં એક જાગૃતિ આવી.

સીત્તેર વર્ષનાં મગનભાઈ પટેલનું આખું જીવન આવી સામાજીક સેવાભાવી પ્રવૃત્તિઓમાં વ્યતીત થયું છે. આજે પણ તેઓ ૧૨ કલાક આ ઉમરે કામ કરે છે. આ પ્રવૃત્તિઓ માટે ચિંતિત હોય છે. એમનો જે પ્રોજેક્ટ છે તેમની પાછળનો હેતુ ફક્ત ઘેર બેઠા ઘરડાઘર નો છે. આજે સુપેડી ગામમાં ત્રણ ડોકટરો આ વૃદ્ધ લોકોનું નિયમિત શારીરિક તપાસ કરે છે. દવાઓ પણ મફત મળે એવી વ્યવસ્થા કરી છે. જરૂરીયાત હોય એવા લોકોને કપડા તેમજ ઘરમાં જોઈતું રાસ-રસીલું ન્હાવા માટેના સાબુનથી લઈ પ્રાથમિક-જરૂરીયાત પુરી પાડવાની સેવાભાવી કાર્યથી લઈ મકાનમાં પાણી પડતું હોય તો રીપેરીંગ કરવાની કામગીરી આજે પણ ચાલુ જ છે. એમનો હેતુ માત્ર એટલું છે કે એ વૃદ્ધ લોકો ગામમા રહે, પાડોસીઓને અને કુટુંબને મળે, સમ્માનથી જીવન વ્યતીત કરે એ જ હેતુ છે. આ ઉમદા કાર્ય માટે શ્રી મગનભાઈ પટેલ દર મહિને રૂ. ૫૦ હજારથી પણ વધુ ઉદાર હાથે વાપરે છે. જો ખરેખર બધા જ એન.જી.ઓ., ધાર્મિક અને સામાજીક સેવાભાવી સંસ્થાઓ આ સેક્ટરમાં થોડું પણ કામ કરે તો આવા લોકોનો ઉદ્ધાર થાય.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૧
સૂર્યાસ્ત : ૬.૪૬

તાપમાન

મહત્તમ : ૩૫.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૧.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૪૯ ટકા ● સાંજે ૨૭ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
મેરે ડેડ કી મારુતી : ૧૦.૪૫, ૧.૦૦, ૩.૧૫, ૫.૩૦, ૧૦.૧૫
કાઈ પો છે : ૧૨.૦૦, ૫.૦૦

: સ્ક્રીન-૨ :
જોલી એલએલબી : ૯.૧૫
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૨.૦૦, ૫.૧૫, ૧૦.૨૫
૩-જી : ૨.૪૫, ૮.૦૦

: સ્ક્રીન-૩ :
૩-જી : ૧૦.૦૦, ૧૨.૩૦
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૩.૦૦
ધ એટેક્સ ઑફ ૨૬/૧૧ : ૫.૪૫
જોલી એલએલબી : ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :
જોલી એલએલબી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

સૂર્યા, વાવોલ

સિંહણના સૌગંધ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ધ એટેક્સ ઑફ ૨૬/૧૧ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫,

: સ્ક્રીન-૨ :
જોલી એલએલબી : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૩૦, ૩.૦૦, ૭.૩૦, ૧૦.૦૦
જોલી એલએલબી : ૧૨.૪૫, ૫.૧૫

વિરાગ, કલોલ

આખા જગથી નિરાળી મારી સાજણા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

વૃષભ : આજે સ્થાયી મિલકત ખરીદી થઈ શકે છે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

મિથુન : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

કર્ક : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

સિંહ : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

કન્યા : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

તુલા : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

વૃશ્ચિક : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

ધન : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

કુંભ : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

મીન : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

ચિરવિદાય

- સ્વ. અંબાલાલ શંકરલાલ વાળંદ (ઉ.વ.૮૫)પ્લોટ નં. ૭૨૪/૨, પંચશીલ પાર્ક સોસાયટી, સેકટર-૨૧, ગાંધીનગર.
- સ્વ. પ્રતાપજી મગનજી ઠાકોર (ઉ.વ.૬૫) મુ.પો. પ્રતાપનગર, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. મુકેશ હિરાલાલ ભાટીયા (